Extra No. 95

વાર્ષિક લવાજમનો દર રૂ.૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LVI] WEDENSDAY, MAY 13, 2015/VAISAKHA 23, 1937**

**Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.**

**PART IX**

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી મે, ૨૦૧૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**-ના **તારીખ : ૧૬મી એપ્રિલ, ૨૦૧૫ના** સરકારી જાહેરનામા (૧) **ક્રમાંક : કેપી/૨૦૧૫નો ૨૪/પીઆરઆર/૧૦૨૦૧૪/૯૫૯/ચ** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

**આર. એમ. ભાવસાર,**
સરકારના નાયબ સચિવ.

**Notification**
**Regarding**

**The Gujarat Village Panchayat Village Site Property (Mode of Making Mutation Entry in the Occupancy Right) Rules, 2015.**

**ગુજરાત ગામ પંચાયત ગામતળની મિલકત (ભોગવટા હકમાં ફેરફાર નોંધ કરવાની રીત) નિયમો, ૨૦૧૫ સંબંધી જાહેરનામું.**

**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,**

સચિવાલય, ગાંધીનગર. તારીખઃ ૧૬મી એપ્રિલ, ૨૦૧૫.

**ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.**

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

**ક્રમાંક : કેપી/૨૦૧૫નો ૨૪/પીઆરઆર/૧૦૨૦૧૪/૯૫૯/ચઃ**- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૨૦૦ની પેટા-કલમ (૪)સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા-કલમ (૫) થી ફરમાવ્યા પ્રમાણે, અમુક નિયમોનો મુસદો, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખ : ૩૧મી જાન્યુઆરી, ૨૦૧૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી / ૨૦૧૫નો ૮ / પીઆરઆર / ૧૦૨૦૧૪ / ૯૫૯ / ચ. હેઠળ તારીખ : ૩૧મી જાન્યુઆરી, ૨૦૧૫ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૧-એ, સેન્ટ્રલ સેકશનમાં, પાના ૬૯-૧ થી ૬૯-૭માં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો અને સદરહુ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને સદરહુ જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં સરકારને કોઇ વાંધો અથવા સૂચન મળેલ નથી;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૦૦ની પેટા-કલમ (૪) સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છેઃ-

૧. **ટૂંકી સંજ્ઞાઃ**- આ નિયમો ગુજરાત ગામ પંચાયત ગામતળની મિલકત (ભોગવટા હકમાં ફેરફાર નોંધ કરવાની રીત)નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. **વ્યાખ્યાઃ**- આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય,-

(ક) "નમૂનો" એટલે આ નિયમો સાથે જોડેલ નમૂનો;

(ખ) "પંચાયત" એટલે ગામ પંચાયત;

(ગ) "મિલકત" એટલે ગુજરાત પંચાયત નાણાકીય હિસાબો અને અંદાજપત્ર નિયમો, ૨૦૧૪ હેઠળ નમૂના ૭૮માં નોંધાયેલ મિલકત;

(ઘ) "સેક્રેટરી" એટલે ગામ પંચાયતના સેક્રેટરી.

૩. આ નિયમો ફક્ત એવા મહેસૂલી ગામોને લાગુ પડશે કે જેમાં સિટી સરવે અમલમાં આવેલ ન હોય અને એવા ગામોમાં સિટી સરવેનો અમલ થયેથી, આ નિયમો આપમેળે એવા ગામોને લાગુ પડતા બંધ થશે અને સિટી સરવે સંબંધી મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની જોગવાઈઓ પ્રમાણેનું રેકર્ડ અસ્તિત્વમાં આવશે.

૪. (૧) સેક્રેટરીએ, આ સાથે જોડેલ ફોર્મેટ પ્રમાણે, નમૂના નં. ૧ અને નમૂના નં.૩ જાળવવા જોઈશે.

(૨) પ્રથમ, ગુજરાત પંચાયત નાણાકીય હિસાબો અને અંદાજપત્ર નિયમો, ૨૦૧૪ હેઠળ નમૂના ૭૮માં નિભાવેલ આકારણી પત્રકની વિગતો ઉપરથી નમૂનો નં. ૧ (મિલકત કાર્ડ) (પ્રોપર્ટી કાર્ડ) તૈયાર કરવું જોઈશે.

૫. પંચાયતની આકારણીને પાત્ર હોય તેવી મિલકતોના સંબંધમાં, ગુજરાત પંચાયત નાણાકીય હિસાબો અને અંદાજપત્ર નિયમો, ૨૦૧૪ હેઠળ નિભાવેલ નમૂના ૭૮ના કોલમ ૫માં, "માલિકનું નામ" એ શીર્ષક હેઠળ લખેલ નામમાં ફેરફાર કરતાં પહેલાં, આ નિયમોમાં જણાવેલ કાર્યરીતિ અનુસરવી જોઈશે તે પછી જ નામમાં ફેરફાર કરી શકાશે.

૬. (૧) વેચાણ, વારસાઈ, વસિયતનામા, કોર્ટના હુકમ વગેરે જેવા કોઈ કાયદેસરના કારણસર મિલકતના હકમાં ફેરબદલી કરેલ હોય, ત્યારે અરજદારે ફેરફાર કરવા માટે ગામ પંચાયતના સેક્રેટરીને અરજી કરવી જોઈશે.

(૨) અરજી મળ્યેથી, સેક્રેટરીએ વધુમાં વધુ ૭ દિવસની અંદર, નમૂના નં.૩માં, તારીખ સાથે નોંધ કરવી જોઈશે, જે કામચલાઉ નોંધ તરીકે ઓળખાશે.

(૩) નમૂના નં.૩માં, અનુક્રમાંકના કોલમમાં, નોંધના નંબરો ૧, ૨, ૩, ૪....... એ પ્રમાણે ક્રમાનુસાર આપવા જોઈશે. જે દિવસે કામચલાઉ નોંધ કરવામાં આવી હોય, તે દિવસે સેક્રેટરીએ, (ફેરફારથી) અસર પામેલ તમામ વ્યક્તિઓને, કામચલાઉ નોંધની નકલ સહિત આ નિયમોના નમૂના નં.૪માંની નોટિસ રજિસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી મોકલવી જોઈશે.

(૪) કોઈ કારણસર નોટિસ રજિસ્ટર્ડ પોસ્ટ એ.ડી. થી બજાવવામાં આવેલ ન હોય, તો તે, રૂબરૂમાં બજાવવી જોઈશે. સંબંધિત વ્યક્તિ રૂબરૂમાં નોટિસ સ્વીકારવાની ના પાડે, ત્યારે પંચોની હાજરીમાં સંબંધિત વ્યક્તિના ઘરના દરવાજા પર નોટિસ ચોંટાડીને બજાવવી જોઈશે.

(૫) ફેરફારના સંબંધમાં કોઈ વાંધો હોય, તો કામચલાઉ નોંધની નકલ સહિતની નોટિસ મળ્યેથી, સંબંધિત અસર પામેલ વ્યક્તિ, ૩૦ દિવસની અંદર પંચાયતને મળી જાય તે રીતે લેખિત વાંધા રજૂ કરી શકશે.

૭. (૧) ફેરફારના સંબંધમાં જે મિલકત બાબતે વાંધો રજૂ કરાયેલ હોય, તે મિલકત સાથે સંકળાયેલ તમામ વ્યક્તિઓને, કુદરતી ન્યાયના સિદ્ધાંત પ્રમાણે, પંચાયત સમક્ષ સુનાવણીની અને પુરાવા રજૂ કરવાની તક આપવામાં આવશે

(૨) જેણે વાંધા રજૂ કર્યા હોય તે વ્યક્તિના પ્રતિનિધિ તરીકે તેણે અધિકૃત કરેલ વ્યક્તિ અથવા વકીલ (એડવોકેટ), પંચાયત સમક્ષ હાજર રહી શકશે.

૮. કુદરતી ન્યાયના સિદ્ધાંત અનુસાર, જેણે વાંધા રજૂ કરેલ હોય તે વ્યક્તિની લેખિત / મૌખિક રજૂઆત અને પુરાવા રજૂ કરવાની પ્રક્રિયા પૂરી થયેથી, પંચાયતે તેની બેઠકમાં લેખિતમાં કારણોની નોંધ કરીને, સંબંધિત કામચલાઉ નોંધ વિષે''મંજૂર'' અથવા ''નામંજૂર''કરવામાં આવે છે, તે મતલબનો નિર્ણય, ઠરાવ સ્વરૂપમાં લેવો જોઈશે, પરંતુ સંબંધિત કામચલાઉ નોંધ રદ થઈ શકશે નહિ.

૯. (૧) ફેરફાર નોંધ બાબતે પંચાયતના નિર્ણય પ્રમાણે સેક્રેટરીએ નમૂના નં. ૩માં ફેરફાર નોંધની સામે કોલમ ૫માં, પંચાયતનો ઠરાવ ટાંકીને તારીખ સાથે સહી કરવી જોઈશે અને ''મંજૂર'' અથવા'' ના મંજૂર''તરીકે નોંધ કરવી જોઈશે. ઉદાહરણ.-ઠરાવ નં. ૧૦૨ પ્રમાણે મંજૂર.

(૨) ફેરફાર નોંધ બાબતે પંચાયતે લીધેલ નિર્ણય અનુસાર, સેક્રેટરીએ પંચાયતના સંબંધિત રેકર્ડમાં ફેરફાર અંગેની નોંધ કરવી જોઈશે.

(૩) સેક્રેટરીએ, પંચાયતના નિર્ણયની તારીખથી ૩ દિવસની અંદર, મંજૂર/નામંજૂર નોંધની નકલ સંબંધિત પક્ષકારોને મોકલવી જોઈશે.

૧૦. (૧) પંચાયતના નિર્ણયથી નારાજ થયેલ વ્યક્તિ, નિર્ણયની તારીખથી ૩૦ દિવસની અંદર જિલ્લા પંચાયત અપીલ સમિતિમાં અપીલ કરી શકશે.

(૨) અપીલ મળ્યેથી, જિલ્લા પંચાયત અપીલ સમિતિ-એ, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૨૪૨ની જોગવાઈઓ અનુસાર અપીલીય સત્તા વાપરવી જોઈશે અને અપીલનો નિકાલ કરવો જોઈશે.

૧૧. જિલ્લા પંચાયત અપીલ સમિતિના નિર્ણયથી નારાજ થયેલ વ્યક્તિ, રાજ્ય સરકારને અથવા ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૨૫૯ પ્રમાણે રાજ્ય સરકારે અધિકૃત કરેલ સત્તાધિકારીને ફેર તપાસ માટે રજૂઆત કરી શકશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.

૧૨. સેક્રેટરીએ, મહેસૂલ વિભાગ વખતોવખત નકલ ફી ના સંબંધમાં બહાર પાડે તેવી સૂચનાઓ પ્રમાણેની નકલ ફી વસૂલ કરીને નકલ કાઢી આપવી જોઈશે.

૧૩. આ નિયમોના અમલીકરણ દરમિયાન અર્થઘટનનો કોઈ પ્રશ્ન ઊભો થાય, તો રાજ્ય સરકારનો નિર્ણય આખરી ગણાશે.

**નમૂનો નં. ૧**

(જુઓ નિયમ ૪(૨))

**મિલકત કાર્ડ (પ્રોપર્ટીકાર્ડ)**

મિલકત નંબર .................................. શેરી/ગલીનું નામ ................................

મિલકતનું વર્ણન ................................ સત્તાપ્રકાર ........................................

..............................................................................................................................

માલિકનું નામઃ (૧)

(૨)

(૩)

..............................................................................................................................

હદોઃ ઉત્તર ................................. દક્ષિણ ............................................

પૂર્વ .................................. પશ્ચિમ ............................................

..............................................................................................................................

બીજા હકોઃ

| નોંધ ક્રમાંક | નોંધની વિગત | ગામ પંચાયતનો નિર્ણય |
|---|---|---|
| | | |

**નમૂનો નં. ૨**

(જુઓ નિયમ ૬(૧))

**અરજી**

અરજદારનું પૂરૂ નામ અને

સરનામું

મોબાઈલ નં.

પ્રતિ,

સેક્રેટરીશ્રી,

.................................ગામ પંચાયત

વિષયઃ મિલકત નંબર........................ના ભોગવટેદારમાં ફેરફાર કરવા બાબત.

ઉપર જણાવેલ વિષયના સંદર્ભમાં, મારે જણાવવાનું છે કે, ................................................. (મિલકતની વિગતો લખવી)

મિલકત નંબર........................ના વિદ્યમાન ભોગવટેદાર................................................. ને બદલે ........................................................નું નામ દાખલ કરવા વિનંતી છે.

સ્થળઃ અરજદારની સહી

તારીખઃ

**નમૂનો નં. ૩**

(જુઓ નિયમો ૬(૨),૬(૩) અને ૯(૧))

**ફેરફારની વિગતો દર્શાવતું પત્રક**

................................ગામ પંચાયત ........................તાલુકો..

| અનુ-ક્રમાંક | ફેરફારની વિગતો | મિલકત નંબર | મિલકતનું વર્ણન | ગામ પંચાયતનો નિર્ણય |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

**નમૂનો નં. ૪**

(જુઓ નિયમ ૬(૩))

**ફેરફાર સંબંધી નોટિસ**

પ્રતિ,

.................................

.................................

**નોટિસ**

આથી નોટિસ આપવામાં આવે છે અને જાણ કરવામાં આવે છે કે ગામ પંચાયત વિસ્તારમાં આવેલી મિલકત નંબર.........................,મિલકતનું વર્ણન....................................ના સંબંધમાં .......................ખાતે રહેતા શ્રી......................................................એ...................................ના રોજ અરજી કરેલ છે. આ અરજી પ્રમાણે ગામના રેકર્ડમાં....................ના રોજ ફેરફાર નોંધ નંબર............................. કરવામાં આવેલ છે. જેની નકલ આ સાથે બીડેલ છે. જો આપને આ ફેરફાર સામે કોઈ વાંધો/ફરિયાદ હોય, તો તે, નોટિસ મળ્યાની તારીખથી ૩૦ દિવસની અંદર ગામ પંચાયતને મળી જાય, તે રીતે લેખિતમાં પ્રત્યુત્તર મોકલવાનો રહેશે. નિયત સમયમર્યાદામાં આપના તરફથી કોઈ રજૂઆત કરવામાં નહિ આવે, તો એમ માની લેવામાં આવશે કે આ વિષે આપ કંઈ કહેવા ઈચ્છતા નથી.(આપને કોઈ વાંધો/ફરિયાદ નથી.) એ બાબતની નોંધ લેવા વિનંતી છે કે ગામ પંચાયત કેસના ગુણદોષના આધારે નિર્ણય લેશે.

સ્થળઃ સેક્રેટરી,

તારીખઃ ......................ગામ પંચાયત

......................તાલુકો

બિડાણઃ ફેરફાર નોંધ નંબર..................ની નકલ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**વનરાજ પઢારિયા,**

સરકારના ઉપસચિવ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.